BUSINESS મિત્ર Plus

# અમેરિકામાં ફુગાવો વકરતા બુધવારે ફેડની બેઠકમાં રેટ હાઈક લગભગ નક્કી?

બીરેન વકીલ


વૈશ્વિક બજારોમાં ક્રુડમાં નવેસરથી સ્ફોટક તેજી થઈ જતા અને અલ નીનોના ઓછાયા વચ્ચે અનાજ ઉત્પાદનની ચિંતાઓ વધતા શેરબજારોમાં માનસ નરમ થઈ ગયું છે. ફોરેક્સ રિઝર્વ 785 અબજ ડોલર જેવી ઓલટાઈમ હાઈ થઈ ગઈ છે, પણ રૂપિયાને એનો ખાસ લાભ મળ્યો નથી. કરન્સી બજારને લોકલ મેક્રો ડેટા કરતા ક્રુડની તેજી- ઈરાન-યુક્રેન યુધ્ધ, અલ નીનો જેવા બાહ્ય પરિબળોની વધારે ચિંતા લાગે છે. એનર્જી બજારોની વાત કરીએ તો બ્રેન્ટ ક્રુડ ઓઈલ 109 અને નાયમેક્સ ક્રુડ 104 ડોલર થઈ ગયું છે. એમસીએતસ ક્રુડ વાયદો 9890 જેવો થઈ ગયો છે. ગલ્ફમાં હુથીઓએ યેમેનનું મોથા બંદર કબજે કરીને બાબ અલ મેન્ડેબ ચોકપોઈન્ટ પર પોતાની પોઝિશન મજબૂત બનાવતા હવે હોરમુઝ અને બ્લેક સી સાથોસાથ રેડ સી- બાબ અલ મેન્ડેબનો નવો મોરચો ખૂલ્યો છે. હુથી બળવાખોરોએ સાઉદી ટેન્કરો તેમજ પાઈપલાઈન પર એટેક કર્યા પછી ક્રુડમાં ઉછાળો આવ્યો છે. ચીન-મીડલ ઈસ્ટ વચ્ચે સુપર ટેન્કના જહાજી ભાડા 11 લાખ ડોલર પહોચ્યા છે. હાલના ભાવે એક બેરલ ક્રુડ પર 15 ડોલર ખર્ચ તો નૂરભાડાનો લાગે. ક્રુડની સ્ફોટક તેજીમાં ડિઝલની રોકેટગામી તેજી દબાઈ ગઈ છે. અમેરિકામાં ડિઝલ 6 ડોલર પર ગેલન અને યુરોપમાં ડિઝલ 1425 ડોલર પર ટન થઈ ગયું છે. યુરોપમાં ડિઝલને ટનમાંથી ડોલરમાં કનવર્ટ કરીએ તો 190 ડોલર આસપાસ ભાવ થાય.

**અલનીનો- અખાતનો તનાવ વધતા ક્રુડ અને ફુડના ટ્વિન શોકનો ખતરો વધ્યો**

વૈશ્વિક સ્તરે અલ નીનો મજબૂત બનવાના સંકેતો છે. ફેબ્રુઆરી સુધી અલ નીનો મજબૂત રહેવાની આગાહીઓ છે. હાલમાં ઈન્ડોનેશિયામાં જંગલોની આગ- યુરોપમાં હીટવેવ, ચીનમાં પુર- ભારતમાં અનિયમત ચોમાસુ એમ વૈશ્વિક અર્થતંત્ર મોંઘવારીના મોરચે એનર્જી શોક અને ફુડ શોક એમ બેવડો પડકાર છે.

સ્થાનિક શેરબજારોની વાત કરીએ તો નિફટી ધીમા ઘસારા સાથે 23398 બંધ હતો. અંદાજે બે વરસથી નિફટી અને સેન્સેકસમાં ધીમો ઘસારો છે. વાયદા અને ઓપ્શન બજારમાં નવી ઓકશન સિસ્ટમ આવ્યા પછી વોલ્યુમ તળીયે ગયા છે. કેશ સેગમેન્ટમાં પણ ધીમો ઘસારો છે. વિદેશી રોકાણકારો ભારતમાંથી એકપોઝર ઓછુ કરી જાપાન-કોરિયા-તાઈવાન જેવા ટેકનોલોજી બજારો એઆઈ- મેમરી લીડર બજારોમાં દોડયા છે. ભારતીય શેરોમાં વિદેશી રોકાણકારોનો હિસ્સો 17 વરસના નીચા સ્તરે પહોચ્યો છે.

વિશ્વ બજારી વત કરીએ તો અમેરિકામાં પીપીઆઈ અને સીપીઆઈ ડેટા અપેક્ષા કરતા ઘણો મજબૂત આવતા સોનાચાંદી અને બોન્ડ બજારોમાં ભારે મોટી વધઘટ આવી હતી. સોનામાં ઈન્ટ્રા ડે 100 ડોલરની અફડાતફડી હતી. 10 વરસના બોન્ડ યિલ્ડ 15 વરસના હાઈ પર પાંચ ટકા પહોચ્યા છે. 30 વરસના બોન્ડ યિલ્ડ 5.40 ટકા થયા હતા જે 22 વરસની ઉંચી સપાટી છે. બુધવારે ફેડની બેઠકમાં વ્યાજદર વધવાની શકયતા 69 ટકા થી વધીને 89 ટકા થઈ ગઈ છે. પીપીઆઈ- જથ્થાબંધ ભાવાંક 4.8 સામે વધીને 5.4 ટકા આવ્યો છે, સીપીઆઈ- વપરાશી ભાવાંક 0.1 ટકા વધી 3.4 ટકા હતો પીપીઆઈ અને સીપીઆઈ વચ્ચેનો ગેપ બે ટકા જેવો મોટો થઈ ગયો છે એ જોતા ફેડ માટે કશ્મકશ છે. ફેડ વ્યાજદર વધારો ટાળે તો એમના પર રાજકીય દબાવ છે એવું દેખાય, ક્રેડિબીલીટી પર અસર થાય સરવાળે ડોલર માટે નેગેટિવ ગણાય. રેટ હાઈક આવે તો ટ્રમ્પની નારાજી આવે છે કે નહી એ જોવાનું રસપ્રદ રહેશે. ઈસીબી-યુરોપે રેટ વધાર્યા છે. એટલે ફેડ ચેરમેન કેવિન વોર્શે પણ વ્યાજદર વધારી ફુગાવો નાથવા પોતાના શબ્દોને એકશનથી ટેકો આપવો પડે.




સોનાચાંદીની વાત કરીએ તો ફુગાવાના ડેટા પછી સોનાચાંદીમાં ક્ષણિક મોટો કડાકો આવ્યો હતો પણ તરત બજારો બાઉન્સબેક થયા હતા. સોનાચાંદી અને બીટકોઈનમાં ફરી રિસ્ક પ્રિમિયમ બીલ્ટ અપ થવા લાગ્યું છે. લંડન સોનું 4000 ડોલર આસપાસ બોટમઆઉટ થઈને હાલ 4350 ડોલર છે. ચાંદી 55 ડોલર આસપાસ બોટમ આઉટ થઈ હાલ 64 ડોલર છે. મીડ ટર્મ ચૂંટણી પતે નહી ત્યા સુધી બે તરફી મોટી વધઘટ આવતી રહે એ શકય છે. સોનાની રેન્જ 3900-5200 ડોલર, એમસીએક્સ સોનાની રેન્જ 140000-170000 દેખાય છે. ચાંદીમાં 58-60 ડોલર સપોર્ટ ઝોન અને 73-76 રેઝિસટન્સ ઝોન છે.

બેઝ મેટલ્સમાં એકદંરે તેજી છે. ટેરિફ અને ચાઈનાના મેક્રો ડેટા કયારેક કયારેક તીવ્ર કરેકશન આપે છે એઆઈ-ઈવી- એનર્જી ટ્રાન્જીશન સેકટરનો વિકીસ જોતા લાંબા ગાળે કોપર-ઝિંક- ટીનમાં મજબૂત માગ રહેશે. એમસીએક્સ કોપરમાં રેન્જ 1348-1442, ઝિંક 393-429, એલ્યુ 342-362, ક્રુડ 8500-10400 ગણાય. બીટકોઈન 60000થી 82000 સુધીનો ઉછાળો શમ્યો છે, બીટકોઈન 80000થી ઘટી 76500 ડોલર જેવો કરેકશનમાં છે.

એગ્રીબજારોમાં અલ નીનો મજબૂત બનવાની આગાહીઓ વચ્ચે એરંડા-ગવાર-હળદરમાં ઉછાળો આવ્યો છે. એમપી- મહારાષ્ટ્રમાં ચોમાસુ સક્રિય થતા સોયાબીનમાં ઉછાળે વેચવાલી છે. રાયડાખોળ-એરંડાખોળમાં મકકમ તેજી છે.

ખાદ્યતેલોમાં ઉંચા મથાળે ઘરકીનો વસવસો છે. હાલમાં સાઉથ-વેસ્ટમાં વરસાદની ખાધ, પૂર્વભારતમાં એકસેસ આમ વિસંગતીઓ ઘણી છે. હાલમાં મગફળી- કપાસ અને કેટલાક વિસ્તારોમાં કપાસને પાણીની જરુર છે. એરંડાના વાવેતરો થોડા લેટ છે, કચ્છ-રાજસ્થાન, ઉ ગુજરાતમાં વરસાદ ખેંચાતા, મહા-કર્ણાટકમાં વરસાદની અનિયમતાથી સોયાબીન-તૂવેરને પણ પાણીની તાતી જરુર છે. અનાજ-કઠોળ-મકાઈ આગામી દિવસોમાં ફોકસમાં રહેશે. કેટલફીડ બજારોમાં પણ અંડરટોન તેજીનો છે.

# ભારતનું ઔદ્યોગિક ક્ષેત્ર પરંપરાગત નહીં, પણ ટેકનોલોજી અને વ્યૂહાત્મક તરફ આગળ વધશે

ભારતનું ઔદ્યોગિક ક્ષેત્ર હવે માત્ર પરંપરાગત ઉત્પાદન પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ ઝડપથી ટેકનોલોજી અને વ્યૂહાત્મક સેક્ટર્સ તરફ આગળ વધી રહ્યું છે. વૈશ્વિક માગને પહોંચી વળવા માટે ઔદ્યોગિક ઉત્પાદન વધારવા ઉપર ફોકસ કરાઈ રહ્યું છે અને આ સેકટરમાં નવા સ્ટાર્ટઅપ્સ પ્રવેશી રહ્યા છે. આમ, સ્થાનિક ઉત્પાદન અને મોબાઈલ ઘટકો, સોલાર અને એરોસ્પેસ જેવા સેકટરોમાં સ્થાનિકીકરણ દ્વારા વૈશ્વિક પુરવઠા શ્રૃંખલામાં ભારતની ભૂમિકાને વધુ મજબૂત થવાની અપેક્ષા છે.

વૈશ્વિક બ્રોકરેજ હાઉસ જેફરીઝે ભારત ઉપર રજૂ કરેલા અહેવાલમાં જણાવ્યું છે કે, ભારતમાં નવી ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઈ છે. સ્પેસ, સેમિકન્ડકટર, ડેટા સેન્ટર સહિતના છ સેકટર ભારતીય અર્થતંત્રનું ચિત્ર બદલી શકે છે. જેફરીઝે પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે, 2030 સુધીમાં સ્પેસ ઈકોનોમી આજની તુલનામાં 5 ગણી થઈ જશે. 2030 સુધીમાં છ સેકટરમાં મોટી તેજી આવશે. તેમને સરકારી નીતિઓનો બુસ્ટર ડોઝ મળશે. આ ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્રનો પ્રવેશ ગેમ ચેન્જર સાબિત થશે, સ્થાનિક ઉત્પાદનથી ફાયદો થશે.

નવા ભારતના છ મેગા થીમમાં સ્પેસ, સેમિકન્ડકટર, ડેટા સેન્ટર, ઈલેક્ટ્રોનિક્સ, સોલાર અને એરોસ્પેસ છે. 2020માં સરકારે સ્પેસ સેકટરમાં ખાનગી કંપનીઓ માટે દરવાજા ખોલ્યા હતા. તે અવકાશ સેકટર માટે ગેમ ચેન્જર ક્ષણ હતી. હાલમાં ભારતની સ્પેસ ઈકોનોમી 9 બિલિયન ડોલરની છે. 2030માં તે પાંચ ગણા વધીને 45 બિલિયન ડોલર



થઈ શકે છે. ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ઈસીએમએસ) હેઠળ, મોબાઈલ ઘટકોના કુલ મૂલ્યનો સ્થાનિક હિસ્સો અથવા બિલ ઓફ મટિરિયલ્સ આગામી છથી સાત વર્ષમાં લગભગ 50 ટકા સુધી પહોંચવાની અપેક્ષા છે. હાલમાં તેનો

**ઓફ-બીટ**

હિસ્સો 20 ટકાથી પણ ઓછો છે.

પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, ખાસ કરીને હાઈ-ડેન્સિટી ઈન્ટરકનેક્ટ અને મલ્ટિ-લેયર પીસીબી, હોમ મેન્યુફેક્ચરિંગ માટેના મુખ્ય ક્ષેત્રો તરીકે ઉભરી રહ્યા છે. આ ક્ષેત્રનું અંદાજિત સંભવિત બજાર આશરે 5 અબજ ડોલર છે, જ્યારે હાલમાં તેની 85-90 ટકા માંગ આયાત દ્વારા પૂરી થાય છે. આવી સ્થિતિમાં દેશમાં પીસીબી મેન્યુફેક્ચરિંગ વધારવાની મોટી સંભાવના છે.

રિપોર્ટ અનુસાર, ભારત વિશ્વનો બીજો સૌથી મોટો સોલાર પીવી ઉત્પાદક બની ગયો છે. દેશમાં પહેલેથી જ લગભગ 35 ગીગાવોટની સોલાર સેલ ઉત્પાદન ક્ષમતા છે, જ્યારે લગભગ 100 ગીગાવોટ ક્ષમતા નિર્માણાધીન છે.

સરકારની મંજૂર સૂચિ ઓફ મોડલ્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ (એએલએમએમ), ડોમેસ્ટિક મટિરિયલ રિક્વાયર્સિસ અને પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજનાઓ સોલર મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં સંકલિત ઉત્પાદનને પ્રોત્સાહન આપી રહી છે. આ પગલાં સેલ, વેફર્સ અને ઈંગોટ્સના ક્ષેત્રમાં બેકવર્ડ ઈન્ટિગ્રેશનને પણ પ્રોત્સાહિત કરે છે. ભારત 2030 સુધીમાં સ્થાનિક સ્તરે સૌર ઉત્પાદનની લગભગ 90 ટકા મૂલ્ય શ્રૃંખલા વિકસાવશે તેવી અપેક્ષા છે. એરોસ્પેસ ક્ષેત્રમાં વૈશ્વિક માંગ અને પુરવઠા વચ્ચેનું અંતર ભારત માટે મેન્યુફેક્ચરિંગની વિશાળ તકો ઊભી કરી રહ્યું છે. દેશની ખર્ચ-સ્પર્ધાત્મક ઉત્પાદન ક્ષમતા અને એન્જિનિયરિંગ પ્રતિભા ભારતને વૈશ્વિક એરોસ્પેસ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી રહી છે.

**વૈશ્વિક સ્તરે મોબાઈલથી લઈને સોલારથી એરોસ્પેસ સુધી ભારત હરણફાળ ભરશે, સ્થાનિક ઉત્પાદન ક્ષમતા, નવીનતા અને વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ સાથે ભારતના એકીકરણમાં વધારો થવાની અપેક્ષા છે**

રિપોર્ટ અનુસાર, બોઈંગ અને એરબસ દર વર્ષે ભારત પાસેથી લગભગ 1.4-1.6 અબજ ડોલરના ઉત્પાદનો ખરીદે છે. આ વૈશ્વિક એરોસ્પેસ સપ્લાય ચેઈનમાં ભારતની વધતી ભૂમિકા દર્શાવે છે. એઈક્યુએસ, આઝાદ, ડીવાયટીસી, બીએચએફસી, આરડબલ્યુ, મધરસો અને સાનસેરા જેવી ભારતીય કંપનીઓ વૈશ્વિક મૂળ સાધનો ઉત્પાદકો (ઓઈએમ) અને ટાયર -1 સપ્લાયર્સ તરીકે તેમની હાજરી વધારી રહી છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતનું ઔદ્યોગિક પરિવર્તન હવે ઝડપથી ટેક્નોલોજી આધારિત અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં વિસ્તરી રહ્યું છે. એક વિશાળ સ્થાનિક બજાર, સરકારી નીતિઓનું સમર્થન, ખાનગી રોકાણ અને વધતું સ્થાનિકીકરણ અવકાશ, સેમિકન્ડક્ટર ઉત્પાદન, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈલેક્ટ્રોનિક્સ, રિન્યુએબલ એનર્જી અને એરોસ્પેસ સહિત સમગ્ર મૂલ્ય શૃંખલામાં નવી તકો ઊભી કરી રહ્યું છે.

આ ક્ષેત્રોમાં થઈ રહેલું વિસ્તરણ ભારતના ઔદ્યોગિક વિકાસના આગામી તબક્કામાં સનરાઈઝ ઈન્ડસ્ટ્રીઝની ભૂમિકાને મજબૂત કરી રહ્યું છે. તે જ સમયે, સ્થાનિક ઉત્પાદન ક્ષમતા, નવીનતા અને વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ સાથે ભારતના એકીકરણમાં વધારો થવાની અપેક્ષા છે.

# ભારતનો ડિજિટલ રૂપિયો ચુકવણીના માધ્યમથી પણ ઉપર જઇ શકે છે

ભારતનો ડિજિટલ રૂપિયો ચુકવણી માટેના માત્ર એક વિકલ્પથી આગળ વધી રહ્યો હોઈ શકે છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)ને તેની સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) ક્ષમતાઓને વધુ તીવ્ર બનાવવા વિનંતી કરી છે, કારણ કે ટોકનાઈઝ્ડ નાણાકીય સંપત્તિઓ પોતાનું સ્થાન જમાવી રહી છે.

હાલમાં મુંબઈમાં ‘ગ્લોબલ ફિનટેક ફેસ્ટ 2026’માં બોલતા સીતારમણે RBIને તેના હોલસેલ અને રિટેલ CBDC પાયલોટ પ્રોજેક્ટ્સને વધુ આગળ ધપાવવા જણાવ્યું હતું. તેમણે ટોકનાઈઝ્ડ બોન્ડ્સ અને અન્ય એસેટ્સ માટે સેટલમેન્ટ લેયર તરીકે ડિજિટલ રૂપિયાની સંભવિત ભૂમિકા તરફ ધ્યાન દોર્યું હતું. આ સૂચન ભારતે તેના પ્રથમ ‘ટોકનાઈઝ્ડ કોર્પોરેટ બોન્ડ’ પાયલોટ પ્રોજેક્ટને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી આવ્યું છે, જેમાં સિક્યોરિટી (બોન્ડ) અને પેમેન્ટ બંને ડિજિટલ રૂપિયાનો ઉપયોગ કરીને એકસાથે ટ્રાન્સફર થયા હતા. આ વ્યવહારે ટોકનાઈઝ્ડ માર્કેટ પાછળ CBDC કેવી રીતે નાણાકીય માળખાનો મુખ્ય ભાગ બની શકે છે તેનું પ્રારંભિક ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સીતારમણે કહ્યું, “હું RBIને વિનંતી કરું છું કે તેણે હોલસેલ અને રિટેલ બંને CBDC પાયલોટ દ્વારા જે શરૂ કર્યું છે તેને વધુ આગળ ધપાવે અને વિકસાવે. RBI એ ડિજિટલ રૂપિયા સાથે તેની ક્ષમતાઓને વધુ મજબૂત કરવાની જરૂર છે.” ટોકનાઈઝેશન મૂળભૂત રીતે બોન્ડ જેવી કોઈ એસેટના માલિકી હકોને

**કરન્ટ-ટોપિક**

ડિજિટલ ટોકનમાં રૂપાંતરિત કરે છે, જેને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સરળતાથી ટ્રાન્સફર કરી શકાય છે. પરંતુ એસેટનું ડિજિટાઈઝેશન એ ટ્રાન્ઝેક્શનનો માત્ર એક ભાગ ઉકેલે છે. તેની સામેનું પેમેન્ટ પણ તે જ સમયે અને સુરક્ષિત રીતે થવું જરૂરી છે. સીતારમણે જણાવ્યું, “વિશ્વભરમાં પરીક્ષણ કરવામાં આવી રહેલું દરેક ટોકનાઈઝેશન આર્કિટેક્ચર આખરે એક મૂળભૂત પ્રશ્ન પર પાછું આવે છે: પેમેન્ટ લેયર શેનું બનેલું છે?” અહીં જ ડિજિટલ રૂપિયો મોટી ભૂમિકા ભજવી શકે છે.

ભારતની સરકારી પાવર ફાયનાન્સ કંપની RECએતાજેતરમાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના રેગ્યુલેટરી સેન્ડબોક્સ હેઠળ ભારતનો પહેલો ટોકનાઈઝ્ડ કોર્પોરેટ બોન્ડ પાયલોટ પૂર્ણ કર્યો છે. આ વ્યવહારમાં, ટોકનાઈઝ્ડ બોન્ડ અને ડિજિટલ રૂપિયાની એકસાથે આપ-લે કરવામાં આવી હતી, જેનાથી એસેટ અને પેમેન્ટ બંનેનું સેટલમેન્ટ એકસાથે શક્ય બન્યું. “CBDCની હાજરીને કારણે આ નાણાકીય સેટલમેન્ટ શક્ય બન્યું છે. તે બે નિયામકો, RBI અને SEBI વચ્ચેનો તાલમેલ પણ દર્શાવે છે,” સીતારમણે કહ્યું. આવા




વ્યવહારો સેટલમેન્ટના જોખમો ઘટાડી શકે છે અને નાણાકીય સંપત્તિઓની ટ્રાન્સફર માટે જરૂરી મધ્યસ્થીઓની સંખ્યામાં સંભવિત ઘટાડો કરી શકે છે. RBI માટે, આનાથી હોલસેલ ડિજિટલ રૂપિયાને એક સ્પષ્ટ ઉપયોગ મળી શકે છે, કારણ કે નાણાકીય બજારો ટોકનાઈઝ્ડ સિક્યોરિટીઝ સાથે પ્રયોગો કરી રહ્યા છે. જો કે, સીતારમણે ચેતવણી આપી હતી કે જે ટેકનોલોજી નાણાકીય વ્યવહારોને ઝડપી બનાવે છે, તે સમસ્યાઓને પણ વધુ ઝડપથી ફેલાવી શકે છે. તેમણે કહ્યું કે ટોકનાઈઝેશન ટ્રાન્સફરને લગભગ ત્વરિત બનાવી શકે છે અને અનાવશ્યક મધ્યસ્થીઓને દૂર કરી શકે છે, પરંતુ ભૂલો, છેતરપિંડી અને બજારના આંચકા પણ નાણાકીય પ્રણાલીઓમાં વધુ ઝડપે ફેલાઈ શકે છે. તેમની આ ટિપ્પણીઓ ફાઈનાન્સ અને સાયબર સુરક્ષામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના વધતા ઉપયોગ અંગેની વ્યાપક ચેતવણી સાથે આવી હતી.

સીતારમણે કહ્યું કે AI દ્વારા સંચાલિત ઓટોનોમસ સાયબર ક્ષમતાઓ કદાચ તેમને નિયંત્રિત કરવા માટે વિકસાવવામાં આવી રહેલી સુરક્ષા પ્રણાલીઓ કરતાં વધુ ઝડપથી વધી રહી છે. “એક અગ્રણી લેબનું માનવું છે કે ઓટોનોમસ સાયબર ક્ષમતા તેની હાલની નિયંત્રણ પદ્ધતિઓ કરતાં વધુ ઝડપથી આગળ વધી રહી છે,” તેમણે ઉમેર્યું કે હાલના નિયંત્રણો “આગળ વધી શકતા નથી.” “AI બેધારી તલવાર તરીકે કામ કરે છે. તે ફ્રોડ કરનારાઓ અને છેતરપિંડીને ઝડપથી ઓળખવામાં મદદ કરે છે, પરંતુ તે હુમલાખોરોને મોટા અને વધુ જટિલ સાયબર હુમલાઓ આપમેળે કરવાની મંજૂરી પણ આપે છે.” તેમણે સંકેત આપ્યો હતો કે નિયામકો માટે પડકાર એ રહેશે કે ટોકનાઈઝેશન, એજન્ટિક AI અને ભવિષ્યમાં ક્વાન્ટમ કમ્પ્યુટિંગ જેવી તકનીકો દ્વારા ઓફર કરવામાં આવતી કાર્યક્ષમતાનો લાભ લેવો અને તેની સાથે નવા સિસ્ટમિક જોખમો ઉભા ન થાય તેની કાળજી રાખવી. નાણા મંત્રીએ ભારતના ટેકનોલોજી ઈકોસિસ્ટમની કંપનીઓને એકસાથે લાવતા એક ‘ફેડરેટેડ ઈન્ડસ્ટ્રી પ્લેટફોર્મ’ બનાવવાનો પ્રસ્તાવ પણ મુક્યો હતો.

**ભારતની સરકારી પાવર ફાયનાન્સ કંપની RECએતાજેતરમાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના રેગ્યુલેટરી સેન્ડબોક્સ હેઠળ ભારતનો પહેલો ટોકનાઈઝડ કોર્પોરેટ બોન્ડ પાયલોટ પૂર્ણ કર્યો છે. આ વ્યવહારમાં, ટોકનાઈઝડ બોન્ડ અને ડિજિટલ રૂપિયાની એકસાથે આપ-લે કરવામાં આવી હતી, જેનાથી એસેટ અને પેમેન્ટ બંનેનું સેટલમેન્ટ એકસાથે શક્ય બન્યું**

જ્યારે વિવિધ દેશો AI, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાયબર સુરક્ષા અને અન્ય ઉભરતી ટેકનોલોજીને આવરી લેતા નિયમો વિકસાવી રહ્યા છે, ત્યારે આવું પ્લેટફોર્મ વિદેશી સરકારો અને નિયામકો સાથેની વાટાઘાટોમાં આ ક્ષેત્રને મજબૂત સામૂહિક અવાજ આપી શકે છે. “તેથી સમગ્ર ભારતીય ટેકનોલોજી ઈકોસિસ્ટમને એકસાથે લાવતા ફેડરેટેડ ઈન્ડસ્ટ્રી પ્લેટફોર્મ પર વિચાર કરવા યોગ્ય હોઈ શકે છે. આ અલગ-અલગ સમુદાયો વતી બોલવા માટે નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે આ ક્ષેત્રને એક વિશ્વાસપાત્ર સામૂહિક અવાજ આપવા માટે હશે,” સીતારમણે કહ્યું. તેમણે ઉમેર્યું હતું કે આ પ્લેટફોર્મ ઈન્ટરઓપરેબલ ધોરણો માટેના ક્ષેત્રોની ઓળખ કરવા, ડેટા અને સાયબર સુરક્ષા પર શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરવા અને ભારતીય કંપનીઓને વિવિધ બજારોમાં લાઈસન્સિંગ અને નિયમનકારી જરૂરિયાતોને સમજવામાં મદદ કરી શકે છે.

# ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોના ઘટકો માટે ભારતની ચીન પરની નિર્ભરતા વધી છે

બ્રિક્સ શિખર સંમેલન પહેલાં જાહેર થયેલા નવા અભ્યાસ મુજબ, વર્ષ ૨૦૨૫-૨૬માં ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રની ૭૧ પ્રોડક્ટ લાઈન્સમાં ભારતે કરેલી કુલ આયાતમાંથી ઓછામાં ઓછો ૮૦ ટકા હિસ્સો ચીનનો હતો. આ નિર્ભરતા ફિનિશ્ડ ગુડ્સ (તૈયાર વસ્તુઓ) કરતાં મોટર્સ, કેબલ્સ અને સ્વિચિંગ ઈક્વિપમેન્ટ જેવા મુખ્ય ઘટકો (કોમ્પપોનન્ટ્સ) પર વધુ કેન્દ્રિત છે.

અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આવી પ્રોડક્ટ લાઈન્સની સંખ્યા ૨૦૧૮-૧૯માં ૪૪ હતી, જે વધીને ૨૦૨૫-૨૬માં ૭૧ થઈ ગઈ છે – જે ૬૦ ટકાથી વધુનો વધારો દર્શાવે છે. ‘કોઆન એડવાઈઝરી ગ્રુપ’ અને ‘ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાઈનીઝ સ્ટડીઝ’ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલો આ અહેવાલ, હાર્મોનાઈઝ્ડ સિસ્ટમ (HS) ચેપ્ટર ૮૫ હેઠળના ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી શરૂ કરીને દ્વિપક્ષીય વેપારનું પ્રોડક્ટ-લાઈન સ્તરે ઝીણવટભર્યું વિશ્લેષણ કરે છે. હાર્મોનાઈઝ્ડ સિસ્ટમ (HS) એ વેપારી માલસામાનના વર્ગીકરણ માટે વપરાતો આંતરરાષ્ટ્રીય ધોરણનો કોડ છે. HS ચેપ્ટર ૮૫ માં ઈલેક્ટ્રિકલ મશીનરી અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો સમાવેશ થાય છે.

જે ૭૧ પ્રોડક્ટ લાઈન્સમાં ચીનનો આયાત હિસ્સો ઓછામાં ઓછો ૮૦ ટકા હતો, તેમાંથી ૪૬ લાઈન્સે ૨૦૧૮-૧૯ પછી જ આ મર્યાદા પાર કરી છે. આ દર્શાવે છે કે સમય જતાં ચીન પર ભારતની આયાત નિર્ભરતા વધી છે. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે,

**જે ૭૧ પ્રોડક્ટ લાઈન્સમાં ચીનનો આયાત હિસ્સો ઓછામાં ઓછો ૮૦ ટકા હતો, તેમાંથી ૪૬ લાઈન્સે ૨૦૧૮-૧૯ પછી જ આ મર્યાદા પાર કરી છે. આ દર્શાવે છે કે સમય જતાં ચીન પર ભારતની આયાત નિર્ભરતા વધી છે**

“૯૦-૯૯ ટકાના બેન્ડમાં રહેલી ટેરિફ લાઈન્સની મોટી સંખ્યા એ વાત પર પ્રકાશ પાડે છે કે ભારતીય ઈલેક્ટ્રોનિક્સ આયાતમાં ચીની સોર્સિંગ કેટલું ઊંડે સુધી વણાઈ ગયું છે.” આ નિર્ભરતા ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ડસ્ટ્રીયલ મશીનરી માટે ઉપયોગી એવા ચોક્કસ મુખ્ય ઘટકો (કોમ્પોનન્ટ્સ) પર કેન્દ્રિત



છે. અહેવાલમાં આ અસંતુલનને લાંબા ગાળાનું ગણાવવામાં આવ્યું છે. રિપોર્ટમાં ઉમેરાયું છે કે, “ચીન સાથે ભારતની વેપાર ખાધ સાયક્લિકલ

**ઈકોનોમી ઈન્સાઈડર**

હોવાને બદલે સ્ટ્રક્ચરલ છે, જે સમય જતાં સમાન મુખ્ય HS ચેપ્ટર્સમાં કેન્દ્રિત રહી છે અને સતત વધી રહી છે.” આ અસંતુલનનું પ્રમાણ ખૂબ મોટું છે. ૨૦૨૫-૨૬માં ચીન સાથે ભારતની કુલ વેપાર ખાધ $૧૧૨.૧ અબજ (૧૧૨.૧ બિલિયન ડૉલર) સુધી પહોંચી ગઈ છે, જેમાં એકલા ઈલેક્ટ્રિકલ મશીનરીનો હિસ્સો $૪૩.૧ અબજ હતો – જે કુલ ખાધના લગભગ ૩૮ ટકા જેટલો છે. જો કે HS ૮૫ એ ૩.૧૮ અબજ ડોલર સાથે ચીન ખાતે ભારતનું સૌથી મોટું નિકાસ ચેપ્ટર છે, પરંતુ આ આંકડો તે જ કેટેગરીમાં થતી આયાતની સરખામણીમાં ખૂબ નાનો છે.

લિથિયમ-આયન બેટરીઓ એક મુખ્ય ચિંતાજનક ક્ષેત્ર તરીકે ઉભરી આવી છે. ચીનમાંથી ભારતની આયાત ૨૦૨૧-૨૨થી બમણી થઈને ૩.૯ અબજ ડોલર થઈ ગઈ છે, જેમાં ચીનનો હિસ્સો વધીને ૮૩.૬ ટકા થયો છે અને ૨૦૨૫-૨૬માં પ્રથમ વખત ૮૦ ટકા નિર્ભરતાની મર્યાદા વટાવી ગયો છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, “આ તીવ્ર વધારો દર્શાવે છે કે લિથિયમ-આયન બેટરીઓ ભારતની ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રિક મોબિલિટી ઈકોસિસ્ટમ માટે એક ઉભરતું વ્યૂહાત્મક નિર્ભરતાનું ક્ષેત્ર છે.”

અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે ચીને ભારતની સેમિકન્ડક્ટર આયાતમાં ૪૮.૯ ટકા હિસ્સો આપ્યો હતો, જે તેના અગાઉના વર્ષના લગભગ ૬૪ ટકાના હિસ્સા કરતાં ઘટેલો છે.

અહેવાલમાં દલીલ કરવામાં આવી છે કે આ પ્રકારની નિર્ભરતાને માત્ર આયાત પર પ્રતિબંધ મૂકીને ઉકેલી શકાય નહીં, કારણ કે તફાવત ફિનિશ્ડ પ્રોડક્ટ્સને બદલે અપસ્ટ્રીમ કોમ્પોનન્ટ્સમાં છે. રિપોર્ટ જણાવે છે કે, “જ્યાં સુધી ભારતીય એસેમ્બલી લાઈન્સમાં વપરાતા કોમ્પોનન્ટ્સ લગભગ સંપૂર્ણપણે ચીનથી આવતા રહેશે, ત્યાં સુધી સ્થાનિક ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં ગમે તેટલો ગ્રોથ થાય તો પણ આ ચેપ્ટરમાં વેપાર ખાધ માળખાકીય રીતે જળવાઈ રહેશે.” તેના બદલે, રિપોર્ટ સલાહ આપે છે કે નીતિગત સ્તરે અપસ્ટ્રીમ કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગના સ્થાનીયકરણને પ્રાથમિકતા આપવી જોઈએ. આ પ્રક્રિયાને ભારતની ‘ક્રિટિકલ-મિનરલ્સ સ્ટ્રેટેજી’નું સમર્થન મળવું જોઈએ અને જે ક્ષેત્રોમાં સ્થાનિક વિકલ્પો અશક્ય હોય, ત્યાં ચીની ઉત્પાદકોને ભારતમાં આવીને ઉત્પાદન કરવા માટે પસંદગીના ધોરણે મંજૂરી આપતું નિયંત્રિત માળખું બનાવવું જોઈએ.દ અહેવાલમાં તારણ કાઢવામાં આવ્યું છે કે, “અંતિમ ઉદ્દેશ્ય સતત આયાત નિર્ભરતાથી હટીને સ્થાનિક રીતે મજબૂત ઉત્પાદન ક્ષમતા તરફ આગળ વધવાનો હોવો જોઈએ.”